==================================================

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૫, અમદાવાદ**

==================================================

**ક્રિમીનલ કેસ નં. 71184 / 20**

**આંક :–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

વિરૂધ્ધ...

**આરોપી :– (૧) રાજુભાઈ પુનમભાઈ મકવાણા**

**ગુનોઃ– ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા એમ.વી એક્ટ–૧૮૧,૧૮૪ મુજબ...**

**ચુ કા દો**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ભા.દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા એમ.વી એક્ટ–૧૮૧,૧૮૪ મુજબના ગુનાનો આરોપી મુકવામાં આવેલ છે.

(૨) આ ગુનાના કામે આરોપી હાજર થયા બાદ તેને પોલીસ પેપર્સની નકલો આપી આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપી ગુનાની કબુલાત કરે છે અને અલાયદી કબુલાત પુરસીસ આપે છે. જે કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ ખાત્રી કરતાં સદર કબુલાત સ્વૈચ્છીક અને કોઈ પણ દબાણ કે ધાક ધમકી વગર કરેલાનું જણાતાં આરોપીને તેની સામેના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) એફ.આઈ.આર., ચાર્જશીટ તથા તેની સાથેના કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપીની કબુલાત તથા આરોપી તરફે થયેલ રજુઆત જોતાં તથા કબુલાત પુરસીસના કારણો ધ્યાને લેતાં, આરોપીનો આ પ્રથમ ગુનો છે, તેમજ હવે પછી આવો ગુનો નહી કરે તેવી ખાત્રી આપે છે, આરોપી ગરીબ વર્ગના માણસ છે અને ગુનો કર્યા અંગે પસ્તાવો તેમજ અફસોસ થાય છે. આ તમામ સંજોગો જોતાં આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા કારણો અને સંજોગો છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આરોપીની કબુલાત અને દયાની અરજ ગ્રાહ્ય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે, તેવું મારૂં માનવું છે. તેમજ કાયદાનો સજા કરવા પાછળનો

સુધારાત્મક (રી–ફોર્મેટીવ) હેતુને ધ્યાને રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧. આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, અન્વયેના ગુના માટે આરોપી દીઠ રુ.૫૦૦/– લેખે કુલ રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ તથા કોર્ટ ઊઠતા સુધીની સજા તથા જો આરોપી દંડ ન ભરે તો દીન–૧૫ ની સાદી કેદની સજા, તથા એમ.વી એક્ટ–૧૮૧,૧૮૪ ના ગુના માટે દોષિત ઠરાવી આરોપી દીઠ રૂ. ૨૦૦/– લેખે કુલ રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા)નો દંડ તથા જો દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા એમ મળી તમામ ગુના માટે આરોપીને **કુલ રૂ.૭૦૦/– (અંકે રૂપિયા સાતસો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો ઉપર જણાવ્યા મુજબ સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ વચગાળાનો કોઈ હુકમ થયો હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો તેવો કોઈ વચગાળાનો હુકમ થયો ન હોય તો મુદ્દામાલ સંદર્ભે ઈન્કવાયરી કરી મુદ્દામાલનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(એ. આર. પટેલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫, અમદાવાદ.
(**Code No.GJ00710**)

અમદાવાદ.
તા.૧૧/૦૯/૨૦૨૧